श्री हरिरस.

ઇશ્વર બારોટ કૃત.

તથા

गुरू महीमा.

પ્રીતમજી કૃત.

જીજ્ઞાસુ-મુમુક્ષ મહાશયો માટે

છપાવી પ્રગટ કરનાર.

કાનજી ઓધવજી હિંડોચા

જામ ખંભાળીઆવાળા.

ઇસવી સન ૧૯૧૦ ઑકટોબર સંવત ૧૯૬૬ ૨

નોછાવર એક આનો.

મુંબઇ.

શ્રી ગુજરાત હિંદુ ઑરફેનેજ ડી. એન. સોલર, પ્રીંટીંગ પ્રેસમાં.

ॐ

श्री हरिरस.

श्री विघ्न हरते—शांताधिपतये नमामि.

હરિરસ મહાત્મ—દોહરો.

વેદ શાસ્ત્રનું તત્વ છે, મોક્ષ ગયાનું દ્વાર
આ હરિરસ શ્રવણે ધરે, ઉતરસે ભવપાર— ૧
ગુણીજન જ્ઞાન વિચારથી, સબળ કરે જો શોધ
સદ્ગુરૂ કેરે આસરે, મળે જ્ઞાનનો બોધ— ૨
ઇશ્વર અવળી બુદ્ધિથી, વધ કરવાને કામ
પીતાંબર ઘર સંચર્યો, ત્યાંથી પ્રગટ્યું જ્ઞાન— ૩
જ્ઞાન પ્રગટ થાવા થકી, ગદ ગદ કંઠે વાણ
માફી માગી ઉચર્યો, તું મુજ ગુરૂ પ્રમાણ— ૪
ગુરૂ વિન જ્ઞાન મળે નહિ, જ્ઞાન દત્ત ગુરૂ દ્વાર
ઇશ્વર ગુરૂ પ્રતાપથી, ઉતરીયે ભવ પાર— ૫

સ્તુતિ.

રાગ—ચારણી.

અમરમેર આધાર, મેરધરા આધાર, ધરા શેષ આધાર, શેષ કુરંભ આધાર, કુરંભ જળાધાર, જળાનિલાધાર, અનિલ શક્તિ આધાર, શક્તિ કિરતાર આધાર કિરતાર એક નિરાધાર છે.

अपरंरा नमः निगमरा अगम, जरारा जरण, भगतरा जोर, नररानाथ, नागरानाथणः रविरातेज, पद्मरारोलण, दृष्टरादंड, खलरा खेघण, कलरा अकल, लंकरा काल, कंसरा छेदण, गीरीराधरण, मोहनरा ग्रहण पररा अपरं प्रजारां पालण, जरारा अंजन, यवनरा जोडण, प्रजरा स्वरुप, बलभद्र रावीर, बलरा छलण, भेगलरा छोडण अनलरा पियण, रासरा रमीयण, पतराराखण पांडवरा पालण रंगरा रमीयण राशरा रचीयण बुद्धरा प्रबळ नंदरा बाल, जय गोपालः ॥ जय गोपाल ॥

દોહા.

પહેલો નામ પરમેશ્વર, જણુ જુગ મંડે જોય
નર મુરખ સમજે નહિ, કિરતાર કરે સો હોય— ૧
ગાથા હાલી હરિ નામરી, જાણુ જાણજે જીહા
વેદ શાસ્ત્ર પુરાણમાં, સર્વમા તતક્ષણતિહા— ૨
સરસત્ શારદ મુજપાં, ગણપત લાગાં પાય
ઇશ્વર ઇશ આરાધવા, સોબુધ દીયો ઉપાય— ૩
આદ્ય શક્તિ તુજને નમું, પરશ્રમ લાગું પાય
શુદ્ધ બુદ્ધદે મુજ માવડી, કથાં હરિ રશ મહિમાય—૪
લાગાં હું પહેલો લળી, પીતાંબર ગુરૂ પાય
ભેદ મહારસ ભાગવત, પામ્યો જેણુ કૃપાય— ૫

જડ ટળે મન મેલ ગળે, નિર્મળ થાયે દેહ
ભાગ્ય હોય તો ભાગવત, સાંભળ જે શ્રવણે તેહ—૬
ભકત વત્સલ મુજદે ભક્તિ ભાજ પરોસવિશ્રમ
મુજ તણાં કર્મ મેટાળવા કથીસ તુંહારા કર્મ—૭
પીઠ ધરણીધર પાટલી, હરિહથ ચીત્રણ હાર
ત્રીકમ તોરા ચરિત્રનો, પડનલભુહું પાર— ૮
તોરા હું પુરા તવે, કરી શકું કેમ સમર્થ
ચતુર ભુજ તોરા ચરિત્રનો, નિગમન જાણે અર્થ—૯
કથા કેમ ઇશ્વર કહે, ખાણ સકલ મતિ ખેત
વાણી શ્રવણ નિત નવનવે, સુણે અગોચર ચેત—૧૦
દેવક શી ઉપમાં દિયાં, સરજીયા સહુ કોય
તુંજ સરીખો તુંજતું, અવર ન દુજો હોય— ૧૧
રામ દીન કર રામ ગુરૂ, રામ પીતા કુટુબંધ
જાદીન રામ ન સાંભરે, તા દીન અંધ નિરંધ— ૧૨
નારાયણ તુજ સંભારિયે, જીણ કારણ હરિ અજ
જીણદિન આજુગ છાંડીયે, તા દિનતોસુંકજ—૧૩
રામ જંપતા રામ રિદ્ધ, રામ ભણતાં સિદ્ધ
રામ કહે સુખ ઉપજે, પામીયે નવ નીદ્ધ—૧૪
રામે તીરથ નામફલ, રામ સુલંભે કામ
એકો મંત્ર એ તત્વફળ, જીહ્વા જપ શ્રીરામ—૧૫
હૈયામ છંડીસ હરિ ભક્તિ, રસનામ છંડીસ રામ
અંતર જામી આત્મા, ઠાકોર સર્વે ઠામ —૧૬
જબ જાગે તબ રામ જપ, સૂતાં રામ સંભાર
આતમ ઉઠતાં બેસતાં, ચા[illegible]તાં રામ ચિતાર—૧૭
રામ સરોવર રામ રસ. અન્ય રસ ગુણ અનુપ
એહ મહારસ આતમા, એતિરથ એ તપ— ૧૮

હરિ હર કહેતાં હરખધર, આળસના કર અજાણુ
પીંડ પાણીએ આ રચ્યો, પવન વળુંધ્યો પ્રાણુ—૧૯
રામ જંપતો રહે સદા, સ્હેજ હોય સરિયાણ
જો તું ગુણુ જાણે નહિં, તો પૂછી જો વેદ પુરાણુ—૨૦
હરિ વિસારે તું સુએ, હરિ જાગેતો કજ
એ અપરાધી આતમા, અવ ગુણુ એહ અલજ—૨૧
આબ વિછૂટા માણસા, હે ઘર જલણુ હાર
ધરણી ધર ધર્મે લીયા, ઈહાં છે કવણુ આધાર—૨૨
ચંદા છલણુને ગહદકર્ણું, સૂરખંડ શશી લંગ
બુંદ વરખા કેરે કારણુ, તિહાં નલભે તંગ—૨૩
જીવાડ હરિહર બાહેરો, નિજ કોઈ જાણું નાહ
અલિ મેલ અવગુણુ સદા, સાહેબકસગુણુ સાહ—૨૪
અલવે નારાયણુ તણું, જે જન નામ જંપંત
તે જમરાણું પર હરિ, કેશવ ચરણ રહંત—૨૫
ક્ષુધાન ભાગે પાણીએ, તૃષા ન છીપે અન્ન
મુક્તિ નહિ હરિ નામવિણુ, માનવ સાચે મન—૨૬
કણુબી કણુ સલ આગલો, બીજ સંચંતો જોય
હરન વિસારે બે ઘડી, જો શિર છત્ર પલાય—૨૭
પ્રાણીયા પૂજીએ પ્રભુ, વીલંબ નકીજે કાય
ભર હથાં બથાં કાઢીએ, મંદિર જંલંતા માંય—૨૮
નિત હરિ વિસારીયે નહિ, આતમ મંઝે આણ
કાળ સકળ ગુંજ કાઢવા, કસ ઉંચો કેકાણુ—૨૯
જો જાપીયે જગદીશ્વર, ધરિ હરિ અંતર ધ્યાન
કર્મ બંધ નિર બંધ કરણુ, ભવભંજણુભગવાન—૩૦
જીહા ભણુ ભણુ જીભણુ, કંઠભણા ભણુ કંઠ
મોહન લાગે મોહ ઘણો, હિર પટોલે ગંઠ—૩૧

નારાયણ નવિસારીયે, નિત્ય પ્રત્ય લીજે નામ
જો લભે મનખા દેહતો, કિજે ઉત્તમ કામ—૩૨

ગાથા લે હરિરા નામ, જાણ અજાણ જપજો
જીહા અજાણ શાસ્ત્ર પુરાણ સર્વ માંહે ઉચરૂં સહી—૧

છંદ જોતકી. બે અક્ષરી.

રિધી સિદ્ધિ દેયણ કોયલા રાણી, બાળા બીજ મંત્ર તું દે બ્રહ્માંણી
વયણ અનહદ દે વૃદ્ધ વાણી. ભણા કીરત એમ સારંગ પાણી—૧
ઋષભ કપિલ હયગ્રીવ વિશ્વંભર, દત્તાત્રી હરિહંશ દામોદર
રાહવૈકુંઠ ધનંતર રૂષવ, ગરૂડારૂઢ પ્રભુ પછની શ્રવ— ૨
મચ્છ કુરંમ વરાહ મહ મયણ, નૃસિંહ વામન નારાયણ
દ્વિજરામ રઘુરામ દામોદર. કૃષ્ણ બુદ્ધ કલંકી કરૂણાકર— ૩
વ્યાસકી આશ ખાસ વિડારણ, પરમ નિરંતર મુકત સિદ્ધ પાવણ
બલ અવતાર તુંહી બલી બંધન ભકત તણા હરિયા દુઃખ ભંજન—૪
સ્તવે જે હરિ અવતાર તું હારા, સાધક નર છૂટે સંસારા
સતવંતા ચરિત્ર તું હારા ચૈતન, જન્મ નહિ પુનઃ રપિમાનવ જન્મ—૫
અકલ અજન્મ અલખ અનુપમ, કર્મ છુટીયે તુજ કથતાં ત્રીકમ
મારા કર્મ મેટવા માધવા, કર્મ કથીસ તું હારા હું કેશવા—૬
નામ તુંહારાહે ઘણુ નામી, શ્વાસો શ્વાસ સંભારીસ સ્વામી
આઠે પહોર અનંત હુંલાવીશં, રાત દિવસ હરિ દ્રયે રહાવીશ—૭
માંડીશ પુંજા તુજ મણી મય, સઘળું શરીર કરીશ સુંક્તિય
ગલકી શલ્યા સો ગોમતી માંડીસ વેદોતક સંગમ મુરતી— ૮
સાલીગ્રામ શિલા શુદ્ધ સેવીસ, અગર ચંદન ધુપ ઉવેખીસ
અનંત વાર આરતિ ઉતારીશ, સોળ પ્રકારે પુજા સંભારીશ—૯

ભાવ ભકિત કરતો જુગ ભાવન, પતિત શરીર કરૂં એમ પાવન
ચરણ પવિત્ર કરીશ ચત્રભુજ, ત્રિગુણનાથ નાચી આગળ તુજ—૧૦
ઈંદ્રી પવિત્ર કરીશ અપરંમ, દમી જ્ઞાન તુજ દૈતા દમ
જંઘા એમ પવિત્ર કરીશ જટાધર, નૃત્ય કરીશ આગળ માહેશ્વર-૧૧
ઉદર પવિત્ર કરીશ અપરંપાર, ચરણો દક ધરી તુજ ચક્રધર
પાવન હૃદય કરીશ પુરૂશોતમ, સંચીશ નામ તુજ શ્રીરંગમ—૧૨
મન એમ પવિત્ર કરીશ હરિમોરો, ત્રિકમ નામ ધરી ધન તોરો
કર એમ પવિત્ર કરૂં સાધન કર, જોડી આગળ તુજ જગત ધર—૧૩
ખંભા બે પવિત્ર કરીશ એણીપેર, અંક દેવાંશી શંખ ચક્ર ગદાધર
પવિત્ર સ્કંધ કરીશ મહાપ્રભુ નમી તુજ ચરણ દશયોકર નભ—૧૪
કંઠ એમ પવિત્ર કરીશ કરૂણાકર, ગાઈ ચરિત્ર તુજ ગોપીવર
મુખ પવિત્ર કરીશ કંશ મર્દન ભખી પ્રસાદ ભકત દુઃખ ભંજન—૧૫
રસના નિષ્પાપ કરીશ એમ રાધવ, ભણી તુજે ગુણ તારણદ્ધીભવ
દસન નિસ્પાપ કરૂં દામોદર, આનંદ હાસ્ય કરી ગીરીચોધર—૧૬
અધર પવિત્ર કરીશ પારાયણ, મરકી પ્રેમ ભકત મદ મારણ
નાસિકા પવિત્ર કરૂં નિર્મળ, પ્રભુ ધુટીને ચંદન પ્રેમળ— ૧૭
નયન પવિત્ર કરીશ નારાયણ. દેખી રૂપ તુજ ભકત પરાયણ
ભ્રકુટી પવિત્ર કરૂં લક્ષ્મિવર, ધરી ગોપીચંદન ધરણીધર—૧૮
શ્રવણ પવિત્ર કરીશ હું સ્વામી, નીજગુણ કથા સુણી બહુ નામી
મસ્તક પવિત્ર કરૂં મધુસુદન, વંદી ચરણ તુજ જગ વંદન—૧૯
ત્વચા પવિત્ર કરૂં દશરથ તન, સરસ લેપ કરી હરિચંદન
કાયા નિષ્પાપ કરીશ હું કેશવ, દંડવત કરી તુજ દૈતા દવ—૨૦
વેણુ પવિત્ર કરૂં લક્ષ્મિવર, ગાઈ ગીતો ગોપી કેરા વર
રોમ રોમ હરિ નામ રહાવિશ, એમ કરતાં હરિચરણે આવીશ—૨૧
મનસા વાચા કરમણા માંહી, નરો હરિ તુજવીણ રાખીશ ન કાંઇ
વિષય સંસાર તણા વિસારીશ શ્રીરંગ ગુણ તોરા સંભારીશ—૨૨

મે મારી કર્મ ઈંદ્રીસું માધા, બળ ઓધારણુ વિષે તું વાધા
નામ નાવે ચડીયો જગ નૃપ, રખે હવે ડોલે રાવણુ રીપ--૨૩
કરો કૃપા તો સેવા કીજે, લેવરાવો તો નામજ લીજે
પખે રજા કો ચરણુ ન પામે, ભકતવત્સલ પડયો જુગ ભામે--૨૪
ઘણુા દિવસનો વખુટો ઘણુ નામી, સાથ તમારો ત્રિભોવન સ્વામી
ભમતો રાખ હવે જુગ ભાવન, પ્રેમ ભકિત દે ત્રિભુવન પાવન--૨૫
કૃષ્ણુ રાખ હવે હું તું કરતો, ધરણીધર મન મમતા ધરતો
તુજ વિષેમતદે ધ્રુતારણુ, કુપ સંસાર કાઢ સર્વ કારણુ--૨૬
ફેરા ઘણુા ભવો ભવ ફરતો, માવા રાખજનમતો મરતો
ત્રિભુવન નાથ નહિ કોઈ તોલે, સરણુ રાખ મોંએ ઇશ્વર બોલે--૨૭
પાપ કરતો મોમન પાપી, તાહરે નામ જાય સંતાપી
અનપાયની ભક્તિ દેવા, સાથે તું દે પુની ચરણુ સેવા--૨૮

દોહા.

વણુ અપરાધે વિટંબતો, રહે રહે ત્રિભુવનરાય
કર કુંડાં શાસ્ત્ર કૃશ્ન, કર કર્મ કુંડા કાય--૧
એહુ પટંતર હાખ અમ ભકત વત્સલા બ્રહ્મ
કીધા એમ કેતા કીયા, ધરિ હરિ પાપ ધર્મ--૨
તોરી ઇચ્છાએ કરી, જેહી આધેજનમ
તૈયેં હુંતાં અમ તણાં, કેશવ કેવાં કરમ--૩
જે છે તે તુજથી થીયો, તું કરતાં ત્રીકમ
આપો એ અળગો રહે, કંઇક ભળાવે કર્મ--૪
આદે તુજથી ઉપન્યાં, જગજીવનસેં જીવ
ઉંચા નીચા અવતરણુ, દે કેમ વીતમાં દેવ--૫
આપાપેં હુતા અનંત, આપ્યો આ અવતાર
પાપ ધર્મને પાળવા, લાવ્યો જીવાલાર-- ૬

અખીલ તુંહી જે કો અવતાર, બહુ નામી બુજવ
લક્ષ્મીવર લખ્યો નહિ, સમો વડ પ્રાણી સર્વ—૭
આદે તણો જોતાં અર્થ, ભાંસે મુજને ભ્રમ
પહેલાં તે જીવ પરઠીયાં, કે પહેલાં છે કર્મ—૮
કર્મ અકર્મ ઉપાય કરી, જગવીયાં તેં જીવ
જુગ પતિ કો જાણે નહિ, ગતથાહરી હય ગ્રીવ-૯
ખાણ ચારખોયણ ધરા, જીણુદિન જાયા જત
કીધા કોણ પાખે કર્મ, ઉત્તમ મધ્યમ અનંત—૧૦
કીધો કોણ પહોંચે કૃષ્ન, વડા સરીખો વાદ
આદ્ય કર્મ અનંતને, અનંત કર્મને આદ્ય—૧૧
કર્મ ગત પૂછાં તુજ કને, ગોવિંદ હું ગેમાર
ખાડે વસતી ડેડકી, સમુદ્ર લેવા પાર— ૧૨
વેદ તણી વંશાવળી, કહિ જન પુંછા કામ;
મહારૂંજ ગંજાવણ મરણ, નિગમ લેતાં નામ—૧૩
દેહધણા મહાજલ દૂએ, રાણીઓ પેખી રૂપ;
માધવ મુકિત પમાડતું, સર્વ ત્હારૂં સ્વરૂપ—૧૪
અજામેલ જીમદલઅઘ, વછૂટો વસમીવાર
કીધા નારાયણ કહી. પુત્ર હેતુ પોકાર— ૧૫
મત પાળે જેમમોહમણ, સવચેહજીહાંસત;
આતમ પીધો અવસહી, અમર કરે અમૃત—૧૬
નદે સાદકેમ નારાયણ, સાદ લીયે જે સંત
ઉત્તમ નામ હુંલાવતાં ધેનુંહી કાન ધરંત—૧૭
મંજાર હંસા મંદરા કરહર સર વિશ્રામ
મરમર ઘર ઘરના ફીરે, ઉર ધરગિરધર નામ—૧૮
એકો નામ અનંતરો, ટાળે પાપ પ્રચંડ
જવ તલ જેટલો જાલંદ્ર, ખોયણ દહેબન ખંડ—૧૯

ક્યિાં હુંવો ઇશ્વર કહે, ક્રિણુજાયો ક્રિસ્તાર
નજાણું નિરાકારનું, બ્રહ્મ રૂદ્રન લહે વિચાર—૨૦

છંદ મોતી દામની ચાલ.

બ્રહ્મા રૂદ્રન જાણે બ્રહ્મ, ન જાણે તિહારો પાર નિગમ
પરમેશ્વર તારો પાર પલોએ, કુરાન પુરાન ન જાણે કોય—૧
અધક્ષર અક્ષર કોટી અવેવ, દિન કરશશિનવ જાણે દેવ
ત્રણ ગુણ તુજ ન જાણે અંત, અહિ શશી બુધ ન જાણે સંત—૨
વડા સંત તુજ લહે ન વિચાર, પુરંદર તુંજ ન પામે પાર
ભલા મુની તુજ ન જાણે ભેદ, વિચીત્ર તુજને ન જાણે વેદ—૩
દામોદર તુંહી દશોદીગપાળ, કહેતાં તુજ પાર ન પામે કાળ
અમાપ તું અપાર અગમ અલેખ, લક્ષ્મી તુજ પાર ન જાણે શેષ—૪
મહા તંત તુજન બુઝે માંહે, ક્યિેા તુજ કોણ આવ્યો તું ક્યાં હે
અનિલાનિ કરત પ્રવેશ, આદેશ, આદેશ, આદેશ. આદેશ—૫
અલ્લાહુ, અબાહુ, અગાહુ અજીતં, અજાત અતાત અમાત અમિત
અદ્દભૂત અક્રેત અપ્રેત ઇંદ્રેશ, આદેશ, આદેશ, આદેશ, આદેશ—૬
અશંખન શંખન ધંખન ધીશ, શ્વાસો શ્વાસ નિવાસન ઇશ
નિરાળ નિશકાળ નિકાળ નરેશ, આદેશ, આદેશ, આદેશ, આદેશ— ૭
કૃષ્ણ ગોપાળ ભૂપાળ છત્રાળ, કૃપાળ ખંભારણ રૂપ દયાળ
મુરાર દયાળ સુરેશ મુનેશ, આદેશ, આદેશ, આદેશ, આદેશ...૮
ગાય મુખ શકિત ગાયત્રી ગણેશ, સદા મુનિ ધ્યાન ધરે વિશેષ
ઇંદ્રાદેક દેવતા કરતા આદેશ, આદેશ, આદેશ, આદેશ, આદેશ...૯
અપરમ અથાહુ ઉદાર અલોય, અગંમ અછેહુ અલખ અનોય
વૈરાગ નરાગ નહિ વપુ વેશ, આદેશ, આદેશ, આદેશ, આદેશ...૧૦
ચાર ખાણ વાણી પણ ચાર, ભણે મુખ વેદ શાસ્ત્ર વિચાર
લઇ અવતાર શું નામ ધરેશ, આદેશ, આદેશ, આદેશ, આદેશ...૧૧

નાગકુળ મેરૂને સાત સમુદ્ર ઉચરે અહી નિશદિગપાળાં ઇંદ્ર
મુખાં નવ મેલે બ્રહ્મ મહેશ, આદેશ, આદેશ, આદેશ, આદેશ,—૧૨
ક્ષત્રિ દ્રિજ વૈશ્યકર શુદ્ર ખોજ, હુંતોજ, હુંતોજ, હુંતોજ હુંતોજ
અનંત પરાક્રમ તુજ અનંત નહિ તુંહિ આદ્ય નહિ તુંજ અંત—૧૩
નહિ તુંજ પીંડ નહિ તુંજ પ્રાણ, નહિ તુજ જોતિ નહિ તુજ જાણ
નહિ તુજ રૂપ નહિ તુજ રેષ, નહિ તુજ વપુ નહિ તુજ વેષ— ૧૪
નહિ તુંહિવાસ નહિં તુંહિવન, નહિ તુંહિ પાપ નહિ તુંહિ પૂન્ય
નહિ તુંહિ શ્રમ નહિ તુંહિ શ્વાસ નહિ તુંહિ મીન નહિ તુંહિ માસ—૧૫
નહિં તુંહિ સંભવ નહિ તુંહિપાસ, નહિં તુંહિ ભેદ નહિ તુંહી ભાસ
નહિં તુંહિ રાશી નહિં તુંહિ નામ, નહિં તુજ ઠોર, નહિ તુજ ઠામ–૧૬
નહિં તુંહી ખોટ નહિં તું વૃદ્ધ, નહિ તુંહી સાર નહિ તુંહી સિદ્ધ
નહિં તુંહી મુળ નહિ તુંહી મંત્ર નહિ તુંહી કાળ નહિ તુંહી અંત–૧૭
નહિ તુંહી તેજ નહિ તુંહી તંત નહિં તુંહી સાધુ નહિ તુંહી સંત
નહિ તુંહી માય નહિ તુજ બાપ, ઉપન્યા આપોએ આપોજ આપ–૧૮
મન ઇચ્છા બીજ ચલાવણ મૂળ, ગોચર ખેચર શૂક્ષ્મ સ્થુળ
વૈરાટ સમાન નિપાયો તેં વૃક્ષ, દોનુ ફળ તેણ કીયા સુખ દુઃખ–૧૯
નિપાઈ રૂપ અભે નરનાર, ચાર ખાણને વાણ પણ ચાર
ધરે એક પાપ કરે એક ધર્મ, કિયા એકજીવ કિયા એક કર્મ–૨૦
સ્રજે તુહિ આપ ત્રિવિધ સંસાર હુવો માંહે આપજ રમણહાર
ઘડે સહુ આપ ઇચ્છાએ એથી ઘાટ બ્રહ્મા સહિત કિધો વૈરાટ–૨૧
કેતી તે વાર બ્રહ્મા ને કીધ, લીલા અવતાર કેતાતેં લીધ
વિશ્વનિપાયો કેંતી તેંવાર, બ્રહ્માને હથ દિયો વહેવાર—૨૨
આપ ઇચ્છાએ આપ અલખ, લીયા અવતાર ચોરાશી લખ
હુંવો દિગ મૂઢ બ્રહ્મા દેખ, અજાયા દીખણ રૂપ અલેખ—૨૩
સનાતન સંતન બુઝે સંત, ચેતાવે તું બ્રહ્મા હંશ ચરિત્ર
સૂતો વડ પાન સમુજી સમુદ્ર, માયા સહુ સમેટી બાલ મુકુંદ—૨૪

૧૧

ઉપજ્યા દાનવ બેઉ અજીત, ભય તીણુ દેવ હુવા ભય ભીત
પેઠો આવી તેહિ પદમ ધરમ, ઉગાર વચન કહે સુર એમ—૨૫
પરમેશ્વર સાંભળી દેવ પુકાર, વઢવાને સજહુવો તેણીવાર
બેહુ સું લીધી હેકણુ બાથ, નરોહર માંહે કીધો જુધ નાથ—૨૬
બંધે મધુ કૈટભ ભુજા બળ બુધ, જીત્યો તુંહિ દાનવ બેઉ જુધ
દૈતાંની આગળે દેવ દાતાર, વછોડાવ્યા દૈવ કેતી તેવાર— ૨૭
કરાવવા દેવ વડાં કાંઈ કામ, પેશી જળ માહે મહાજળ રામ
મહા ગઢ પેશી મહાજલ માંજ, કેતા જુદ્ધ કિધાતેં પૃથ્વિ કાજ—૨૮
પૃથ્વી જાતિ હુતી રસાતાળ, દાઢા વચ રાખી તેં દીન દયાળ
રાખી ધરાવાર કેતીતે રામ, છેધ્યો હિરણાક્ષ વિષે સંગ્રામ—૨૯
આકાશિ વાર કેતાં તે આવ, વિધ્યો રણુ ત્રિપુર અમૃત પાવ
વિદારિયો વારાહ કેતિ તેંવાર, સોધી દધી દૈત કીધો સંહાર.--૩૦
કેતાં તેં વાર વિષે કલ્પ અંત, બાંધ્યો સાગર હે બળવંત
હુલાવીયો વાર કેતીહિ મલ, મથ્યો મેરામણ તેં એકલ મલ--૩૧
કેતી તેં વાર જીત્યો કરસન. રાવણને રોળ્યો ચૌદ રતન .
મથ્યો મેરામણકેતી તેંવાર, સુરા લઇ દીનો તે અમૃત સાર--૩૨
દળ્યો તેં વાર કેતી દશકંધ, બાંધ્યો દધી દેવ છોડાવણ બંધ
દળ્યા તેં વાર કેતી એક દૈત્ય, ઇંદ્રાપુરી દીધી શક્ર અજીત--૩૩
હુરણ્યો નખધાર કેતી હિરણાક્ષ, ભવાનિ ભૈરવદીનો તેં ભક્ષ
પડયો પણુ તોરી કેતી પ્રહલાદ, કીયો સુખ સેવક કારણુ કાજ--૩૪
બાંધ્યો તેં વાર કેતી બલીરાજ, વગોવીયા દાનવ આણીયા વાજ
જીત્યા તેં વાર કેતી બળી યજ્ઞ, જુગો જુગ કીધા તેં કેતા યજ્ઞ--૩૫
ભેદયો તેં વાર કેતાં ભૂગોળ, કરંતી આણી ગંગ કલોલ
દેવોને વાર કેતા સ્વર્ગ દીધ, કેતાં તેં દ્રુમ દેવા સુખ દીધ--૩૬
હોય અસુર હલકે હલકાર, પડે જમ ગણુ મુખ પોકાર
આયો કોઇ વાર ફરસું ઉદાર, સહસ્રાર્જુન દૈત સંહાર--૩૭

ક્ષત્રિ વંશ વાર કેતા તે શિશ, રેણુ લેદીની વીપ્ર નરેશ
જાણે તે વાર કેતા ઈંદ્રજીત, સંહાર્યા દૈત્ય વારીતેં સિત—૩૮
જ્વાળા વિષે ટારણ કાળયવન, કીધો મચ્છ કંધ કરમ કરશન
બાણાસુર છેદી ભુજા બળવંત, કીયો દોઈ ચીત્રો લક્ષ્મીકંત—૩૯
જગાવે આગે કપિ મલ જોધ, છેદા શીર તાડ પાડ સત ક્રોધ
કરે સો જોજન દ્વંદ કરોડ, ઉપાડત ગયે સમુદ્રા ઓડ—૪૦
દેવા તેં લંક લીધ વરદિત, તારે કલકીર કુટુંબ સહીત
એઉરઘુલક્ષણ પુત્ર ઓલાય, શાનુજ વિશ્વામીત્ર સંગ પઠાય—૪૧
જનક તણે દ્વાર બકુ આયો, જગ ભાગ્યો ધનુષ કરસાયો
ભાગ કીયો દોઉટુક ભૂતેસકોસર, રાય દશરથ થયો બલભર—૪૨
આયો ઋષિ ચિત્તકો પઈગાર, તેજે બલ છાય હુવો દ્વીજ તૈયાર
જોડે પોટા માહે કાલયવન, તાડિકા રૂપ બીછોડે તન—૪૩
જટાધરબછો હિતજ લાવી, મોહ સ્વરૂપ અગાધ બનાવી
દુશાશન ગંગ કરણ દુરજોધણ, ખાયકુલ ખેત્રી અઢાર ખોહેણ—૪૪
ધરે તોય પાજ પાહોડાધાર, પદમ અઢાર ઉતારે પાર
કીયો તેં સેવક સારણ કાજ, રચી હસ્નાપુર પાંડવ રાજ—૪૫
દાબ્યો બળ બાહુ લીધું દાન, કીયો પગ દોઉ જમી અસમાન
જપે તવ નાથ ઉભે કર જોડ, કરે તોય સેવ તેત્રીસ કરોડ—૪૬
લીયો તેં વાર કેતી ગઢ લંક. સરિખા કુંભ મનાવ્યા અશંક
દળ્યા તેં વાર કેતી દશકંધ, બાંધ્યો દધી દેવ છોડાવણ બંધ—૪૭
વરખાં તે વ્રજ પડંતી વાર, ધરે ગિરિવર કેતા નિરધાર
વગાડીઓવાર કેતી તેં વાસ, કેતાં તેં ફેરા જીત્યો કંસ—૪૮
ધરે હરવાર કેતાંસે ધ્યાન, ગ્રાહાવણ લોક અન્યોઅન જ્ઞાન
જીત્યો તું વાર કેતાં કલંગ, જૂગો જુગ કીધા કેતા જંગ—૪૯
અસંખ્ય તુજ તણા અવતાર, બ્રહ્મા રૂદ્ર ન લહે વિચાર
નમુ અતબળ તાત અનંગ, નમુ નિરવાણ નમુ નવલંગ—૫૦

નમું પ્રતિ સૂરજ કોટિ પ્રકાશ, નમુ વનમાળી લીલા વિલાસ
નમું લક્ષ કંદ્રપ કોટિ લાવણ્ય, નમું હર મોહણુ રૂપ મોહન--૫૧
વદન હુલાસત નેત્ર વિશાલ, મુકુટ કિરટ અક્ષય ગળે માલ
વસ્ત્ર સફેત દેહાં ધનવાન, કિરટ સોહે શુભ કુંડલ કાન--૫૨
અભેકર દોઉ આયુધ અસંખ, સારંગધર ગદા ચક્ર સંખ
નમું પંચ વૃંદ પરમ પવિત્ર, સુશાય અનીલ સુરત સહિત--૫૩
સહસ અભૂત વ્યાપી શરભ, દ્વાદશ આગળ ગાત્ર દુપ્રભ
જાદવ પ્રમાદ પામ્યા પ્રભુ જગ, પદમ પતાળ અલંકજ પગ--૫૪
પગાંરિ રેણુધરે શિર પ્રેમ, ધેયાચે પગ અહોનિષ પ્રેમ
પૂજે પદ પંકજ કોમળ પાણિ, ઉદક ચડાવે ગંગાજળ આણી—૫૫
પખાલે તિરથ અડસઠ પગ, ઈંદ્રાદિક દેવ કરે ઓળગ
તળાસે પગ નવવિધ તમ, મોટા સિદ્ધ સાધક જાણો મર્મ--૫૬
મહિમા જાણે બ્રહ્મ મહેશ, સદા પગાં આગળ લોટે શેષ
પગાં તલ લાગ કરે નિત સુષેશ, ગુણીયલ સ્તુતિ કરત ગણેશ--૫૭
પગાં હનુમાન કરત પ્રણામ, સોએ પગાં આગલ કાર્તિક શામ
પગાં વંદિઆસ સહ જોડે પાણુ, વલે પયતો ખટ ભાખ પ્રમાણુ—૫૮
આગે પગરાખ ખલગ્રહો ગજ, ગરજ પગાં ગરજ મોટા ગ્રજ
પગાં તળે વસે શેષ પ્રયાગ, વસે પગ આગળ જ્ઞાન વૈરાગ્ય—૫૯
પીએ પગ રસ બ્રહ્મા કેરા પૂત, અમૃત સૂગંધ છૂટે અવધુત
પીએ પય પ્રેમલ વેદ પુરાણુ, અલીઅલ નાથ રહે અધરાણુ—૬૦
રમે પગ છાંહ મધુકર ઋષ, સેવે પગનાગ સરીખાતક્ષ
લક્ષ્મી યુગ પગ ધરે ઉર લહે, ારધી સિધી પગ તળાસે બેહે—૬૧
રમે પગ દિસ ગૌતમ નારદ, સેવે પગ કગ કપીલ વિહંગ
સેવે પગ જનક સનકસૂર ઓધવ અર્જુન જેસા અક્રૂર —૬૨
જપે પગ કોટિ છપન જાદવ, વંદે પગે સુખ દેવ વૈષ્ણુવ
પ્રણમે પગ પરમ પવિત્ર, ગાયત્રી ગૌરી સાવિત્રી સિત—૬૩

જુહારે પગતું જેસા જયદેવ, અંગદ સુગ્રીવ કરે પગ સેવ
હોય પગ છોય સદા સુખકાર, સોહંતી પગાં ભૂખે સુહાર—૬૪
ઓપે પગ છાંય ધરમ અલખ, રમે પગ છાંહુ જેસાએ ગોરખ
આવે પગ છાંહુ ઓલગ અબાહુ, લીએ પગ છાંહુ તણી કલલાહુ—૬૫
ઇચ્છે કુળ છાંહુ અષ્ટ કુળ અથ, પ્રણમે પગ સુરંગમ સથ
સજે પગ છાંહુ ચતુર સુખ શામ, રજે પગ છાંહુ હમેશ શ્રીરામ—૬૬
દેખે પગ સેવ કરે દોડેચંદ, ચરચે પગ નિર્મલ રવિચંદ
દેખે પગ કરતા સૌ આદેશ, વડા પગ જાણી વંદે દરવેષ—૬૭
પગાં દોહુ રાહુ કરે પ્રણામ, સેવે પગરસના સિંહુ સુજાણ;
જાણે પગાં સાધુ સાતમી ભાલ, મેલે પગ માણક મૌતિક માલ—૬૮
વંદે પગરજ વડા વિશ્વવિધ, સેવે પગ ચારણ ગાંધર્વ સિધ;
વડા જોગીંદ્ર વસે પગ પાસ, તું કોમલ પગ ન મુકું હું દાસ—૬૯
પ્રેમળ સદલ કોમળ પગ, નિધાન પરમ નિવારણ નૃગ;
એસા પગ તુજ તણાં ઉદાર, સેવતાં તાપ ટળે સંસાર --૭૦
માં ઠેલમાં ઠેલ પગાંથી તુંજ, ત્રિવિક્રમ નાથ અનાથ હુંજ;
અહલ્યા રૂપ દિનો જેણે અંગ, શરીર કુબજા કીધ સુચંગ--૭૧
દીનો નળ કુબળ ઉતમ દેહ, ન ભાગો નાગણ નારરો નેહ
ગોવાળા સાથ ચારી વ્રજ ગાય, મહા કષ્ટ હુતા વછોડીઆ ત્યાંહે—૭૨
નિરભે કીધાં તેં વ્રજ નરનાર, છોડાવીઆ ગોપ મારી નરકાસૂર
જીવાડી નારતણી જયદેવ, ગ્રહી ચક્રપત રાખી ગંગેવ—૭૩
વછોડીઓ રૂદ્ર કપાળા બ્રહ્મ, કીયો સુખદેવ અતિત કરમ
સુગ્રીવ તાણું દુઃખ ભાંગીઉ સદ્, મુકાવીઆ રાજ જરાસંઘ વધ—૭૪
વિભીષણ લંકાની પાટ બેસાર્યો, આણી ઘરે સીતા કલંક ઉતાર્યો
ઉવારીઓ શ્રાપ આગે અમરિષ, સેવક કીધા સૌ આપ સરીખ—૭૫
મહા ગ્રહ ગજ મેલાવણ મત, સનાતન પાલણ કેવળ સંત
તૂં ભગતા ભૂધર ભાંજણ ભીડ, ટાળો ઇષ્ટદેવ અમાણી પીડ—૭૬

ત્રિવિધી ત્રિજોગ ત્રિવિક્રમ તાર, ચતુરભુજ ચૈતન આતમ સાર
બળભદ્ર બંધવ ગોકુળ બાળ, ક્ષમાવંત સાધુને કરો દયાળ--૭૭
સ્તવે હરિ નામ અહોનિશ તમ, જરા તીયાં કાળ ન વ્યાપે જમ
ભજે તોએ નામ છૂટંતા ભર્મ, કથે તોએ નામ છૂટે તોયે કર્મ--૭૮
જપે તોએ નામ અહો નિશ જીહ, સંસારતાએ ન ખાએ સિંહ
મોરારિ જીહ્વાએ વસે તું મન, દાઝે નહિ તેહ સંસાર દહન--૭૯
મુકુંદ જીભ વસે તું મુખે, સંસાર સમુદ્ર તરે તે સુખે
જપે તું નામ ન પડે ભવકુપ, રાતા તોએ નામ જપે ધનરૂપ--૮૦
સદા તુજ નામ જપે શ્રીરંગ, શ્રખે નહિ તેહિ સંસાર ભોયંગ
ભણે તોએ નામજ કહે ભગવાન, ખંઘી જાય તાય તણા ખેમાન--૮૧
આલંગ રામજ આપો આપ, વિષય તાય પંચન કરે વિયાપ
આખે તોયે નામ ટળે દુઃખ ઓઘ, ઉપજે આનંદ સુખ અમોઘ--૮૨
નમેલાં તુજ તણાં હવે નામ, વિષ્ણું ભગત તણાં વિશ્રામ
પરમનિવાસ નિવારણ પાપ, જોગેશ્વર ભદ્ર અજપા જાપ--૮૩
દાતાર મુકત તણા તું દેવ, સારૂપ સાલોક સાજોજ સાવેવ
સદાનંદ આનંદ નામ સહસ, રઘુપતિ અચ્યુત અમૃત રસ--૮૪
ભકતાધિન સમુક્તા ભંડાર, અગોચર વેદ બ્રહ્મ અંબાર
નિરંજન રૂપ નમું નિરવાણ, કૃષ્ણ મહાધન રૂપ કલ્યાણ--૮૫
સર્વ રૂપ ગુણ અતિત સંસાર, વિમોહ અગોહ પરમ વિચાર
ધરમ કરમ પરમ સુધામ, શબ્દ રહિત તું કેવળ રામ--૮૬
અથાહ કળા વિધ વિધ વિલાસ, નિરંજન ભૂત સરવ નિવાસ
પ્રગટ અતિત પુરૂષ પ્રમાણ, અખંડ વિજ્ઞાન પુરૂષ એંધાણ--૮૭
પૃથ્વી સાહકરાખ કારણ પ્રભ, સહજુગ જીતવે આપ સુલભ
ઉત્પતિ ખપતી પ્રકૃતિ સંગ, રાજીત વિલસીત નદી તુરંગ--૮૮
કૃષ્ણ વિધાતા તું શિવ કરંત, પિતા મહા શંકર બ્રહ્મા પૂત,
શ્રીરંગ અનંગ અનંતા સેવ, ભકત દયાળ દહિતા ભેવ--૮૯

સ્થાપણુ શક્ર પ્રકરણુ સર્વ. ગોપળા દૈત ઉતારણુ ગર્વ;
અનાથા નાથ. અનંત અછેહુ, દયાળ સુરત વજા તુંદેહુ— ૯૦
વિનાવપુરૂપ અપાર અવતાર, અમુલ્ય તું વૃક્ષ વિશ્વાધાર;
પ્રગટ કૃષ્ણુ પુરૂષ પ્રધાન, ગર્ભ વિંદા જગત જ્ઞાન-- ૯૧
પરમેશ્વર પ્રાણુ પુરૂષ પ્રતક્ષ, અગોચર એક અનેક અલખ
ઓ ધૃત તપો નિધત્રિગુણુ ઇશ, અજીત જરામૃત જોગ આધિશ--૯૨
વસન વિશ્વ મોહે વિજ્ઞાન, રતિપતિતાત પ્રકૃત રાજન;
ગોવિંદ ભકત નિવારણુગર્વ, પરમ અમૃત પદ થાયે પ્રભ--૯૩
સદા ઉનમદ જોગાનંદ સિદ્ધ, વ્યાધિન ખોટ નબાળ નવૃદ્ધ,
મુનેશ મહેશકો અંતલ મંજ, પ્રસિદ્ધ મહાબળ તેજ ખોએજ--૯૪
અધિક થાઇજ કોટિક અરક, સમરથ ભાંજણુ સમર્થ અંક,
એકુક્ષણુ માંહે ભાંજે ઘડેઅભ, નિપાવે સૌક્ષણુ માંતેપદ્મનાભ—૯૫
ઉથાપે તું થાપે બ્રહ્માને ઇંદ્ર ચતુર ભુજ ભાંજે ઘડે રવિચંદ્ર
ભૂવન ત્રણુ નરદેવ ભુયંગ, પરમેશ્વર તારા કીટ પતંગ--૯૬
પામે કો તુંહારો પાર પ્રચંડ, વસે રોમ રોમ વિષે બ્રહ્માંડ
પૃથ્વી અપવાયુને તેજાકાશ, નહિતુંજ તેથી નતેથી નિવાસ—૯૭
નિરંજન નાથ નમું નકલંક, કલંકીય ટાળણુ સાધુ કંલક;
નમું બહુ નામી તું માધવ બુધ, સેવક સુધારણુ સર્વદા શુદ્ધ--૯૮
નમું સર્વ કારજ કારણુ શામ, ઉવારણુ ગોકુળ ઇંદ્રનું ઠામ;
નમું જગ વંદન જીવન જદ, મહા વિષ નાગ ઉતરાણુ મદ—૯૯
નમું મોરમદ મરમ મલ, કંકાસૂર કાળ સંખાસૂર સલ;
નમું હે સાયર બાંધણુ પાજ, નમું રઢ રાવણુ રોળણુ રાજ--૧૦૦
નમું કૃતિ અંત તણા દશ કંધ, બાંધ્યો દધિ દેવ છોડાવણુ બંધ
નમું કંશ કેસી નિકંદન કાન, રૂક્ષ્મણી પ્રાણુ પુરૂષ રતન--૧૦૧
નમું હરિ હંશ સરોવર પ્રેમ, નિરંજન ગોકુળનાથ નિગમ
નમું લહે ભૂશાણુ ગોપ ભરથાર, કૃષ્ણુ વંદ્રાવન લીલા વિહાર--૧૦૨

નમું બ્રહ્મ કેવળ રાખણુ વ્રજ, નમું અચ્યુતાનંદ ગોવિંદ અજ
નમું સત્ય સાગર સાહોતું શેષ, નમું વ્રજલાલ નમું નટ વેષ--૧૦૩
નમું ગોવિંદ નમું ગોપાળ, નમું ગીરધારી તું નંદ ગોપાળ
નમું બળદેવ નમું વ્રજબાળ, નમું દુઃખ ભંજન દિન દયાળ--૧૦૪
નમું અવિગત ભગત અછેહ, નમું શત્રુઘ્ન ભરતનો સ્નેહ.
નમું વસ્તલતું સાહેર અજ, ગુણાતિત અલખ લક્ષ્મણ વ્રજ—૧૦૫
નમું રવિ વંશ તણા રઘુરામ. વિધોરણ લંક વિદારણ રામ
નમું દ્વિજ રામ દામોદર દેવ, નમું ગુરૂ દ્રોણ કરણ ગંગેવ--૧૦૬
નમું વિપ્ર વામન દીર્ઘતું વેષ, પુરંદર ભીડ ભાંજણ પુરૂષ
નમુ નૃસિંહ, લક્ષ્મી નાહ, વિશ્વંભર વિઠલ આદ્ય વારાહ--૧૦૭
નમું મચ્છ માધવ કચ્છ કુરમ, પતિત પવિત્ર વૈરાગ પરમ
નમુ ગુરૂ નારદ બ્રહ્મ જ્ઞાન, નારાયણ જોગી જોગ નિધાન--૧૦૮
નમું બુધ શંકર ભાંજણ શૂળ, મુકુંદ મોરારી મહાતપ મૂળ
નમું નિત્યસ્નેહ અમૃત વિખ્યાત, ત્રિવિધ અતિત પાળે ગુણતાત--૧૦૯
નમું સિદ્ધસાધક સર્વ કુળ શેષ, નવે કુળનાગ પાતળ નરેશ
નમું ગુરૂ આદ્ય પ્રશ્ની પ્રભગર્ભ, રાઘવ કેશવ કપિલ ઋષભ--૧૧૦
નમું હયગ્રીવ નિગમ વિખ્યાત, વડા કવિ અહો નિશ બ્રહ્મ પ્રખ્યાત
નમું પૃથુરાજ તું આપ પુરૂષ, નમું લક્ષ્મી વર મહા પુરૂષ--૧૧૧
નમું ગુરૂ જ્ઞાન દત્તાત્રી ગોરખ, નમું અબ ધૂત ઉદાર અલખ
નમું વિજ્ઞાન જ્ઞાન રિષભ, થંભી જીણ આમ પૃથ્વી થંભ--૧૧૨
નમું હરિ હંશ નમું હરિ રસ, નમું હરિ કૃષ્ણ નમુ હરિ કેશ
નમું હરિ દેવ નમું હરિ રામ, નમું હરિ રૂપ નમું હરિ નામ--૧૧૩
નમું અવિગત નમું અકલેશ, નમું અપરંમ નમું સર્વ ઈશ
નમું નિરલેપ નમું નિરાકાર, નમું નિરદોષ નમું નિરાધાર--૧૧૪
નમું જ્ઞાનમ નમું શ્રીકાર, નમું તુજ રૂપ લીલા અવતાર
નમું સારંગ ધંર નમું તુંજ નામ, નજાણું હે નાથ તું હારા હું કામ-૧૧૫

વિભૂતિ ન જાણે તોરી કરતુત, બૂઝે કોણુ નાથ તું હરી ગત
શક્ત શિવ ન મૂર્તન લિંગ. કરંતા કાલાવાલા જે કિરત—૧૧૬
કરંતા કલોલ ક્રિપાલ કિરત, ચત્રભુજ રૂડેરૂં માનેતું ચિત
પીયચે ઈશ્વર જોડી પાણુ, કૃપાળુ કરો હવે મુજ કલ્યાણુ—૧૧૭
પદાર્થ તુંહીજ સર્વે પરબ, સુત્રહુજતાવે જગાવે સબ
પુરાણા પ્રભવ પુરાણા પત્ર, જગતપતિ તુંહી સર્વ જગત— ૧૧૮
જગતમાં જાતિ ભાતિ જાણુ, પ્રસન્ન થએથી દીઠો મેં પ્રાણુ
દીઠો મેં સત્ય માંહી અવદાષ્ય, ભાવ સહિત સુઠામ સુભાખ્ય—૧૧૯
દીઠો મે ઠામજ ઠામ ક્રોડ, છતો થયો તુંજ માધવા ઘુંઘટ છોડ
દીઠા મેં તુજ તણા દેદ્દાર, સંસાર બહાર માંહિ સંસાર—૧૨૦
આંખે તે જાગી હવે સામું જોય. જેહેમાં તાહેરૂં નુર જણાય
જાણ્યો હવે ઓઝલ છોડ જીવન, બેઠો તુંહિ શાખા ડાળ પાવન-૧૨૧
અજાણ્યાં આગળ શાંત અજાણુ, જાણીતા આગળ ના સમરાણ
વિશ્વંભર સર્વ તુંહારીસ્વેદ, નહિ તુંથી ઠામ સદા ક્ષણ ભેદ—૧૨૨
લગાવો ગળે હવે અંતર લાધ, રદે હવે જાઉં નહિ તુંમ વાદ
ઠગારો ઠાકોર હે કણ થાય, પડદો નાખ હવે પરો પ્રીય—૧૨૩
જાણ્યો હવે પ્રભુ ન શક્યો જાય, કીયા તે પાંખે દાખી શકાય
ઇચ્છારામ આપોયે આપ અલુજ, ગોવિંદ તુંહારી તુંજાણે ગુંજ—૧૨૪
આપયે હુતા આતમ આપ, વિશ્વંભર ભૂત સર્વ વિયાપ
સર્વક સુજાગ્રહે બેઠો છાંય, મનુષ્ય દેવાંગના સબ માય— ૧૨૫
ઈંડજ સ્વદેજ જરા ઉદભીજ, માધવ સર્વ તુંહારૂજ બીજ
કથી તુંજ ક્રાંતિ ક્રીડા તુજ કામ, રમાડમાં પગલું લાધ્યું હવે રામ—૧૨૬
વિધે વિધે સર્વમાં દીઠો વિભૂત, ધૂતાઇ તું છોડ હવે મમ ધૂત
શશિ સૂરજ તુંહીજ તે શબ્દ, મરદો મરદ વિષે તુંહી મર્દ—૧૨૭
પાણી તુંહી પ્રભુ તુહીંજ પવન, ગરજે ને ગાજે તું શબ્દ ગગન
અન તૃણ તુહી અણું આણી અભ, પરાગ તું ધામે તું ગામે પ્રભ—૧૨૮

રમે તુંહી રામ જૂવે ઘર રંગ, તુંહીજ સમુદ્ર તુંહીજ તરંગ
મકોડી કીટ પતંગ મરાળ, ભોયંગ અનંત અનંગ ભૂપાળ—૧૨૯
પદારથ તુંજ પામ્યો પ્રભુપદ, જેમ સુત્ર એક વેજાણદ સદ્
મેરાણ તું પીરાણ તું પ્રોઢાપત, જગતપતિ તુંહી સર્વ જગત—૧૩૦
અન્યો અન્ય માંહી તુંહારો અંસ, હવે મમવા છતો થયો હંશ
લીયો હવે પ્રભુ પહતો લાય, મોરારી તું પ્રતક્ષ બાહેર માંય—૧૩૧
જોયો મેં રામ વિચારીને જેમ, તુને ઘટ ભિતર દીઠો તેમ;
ગળે ગોગ્રવ ધૂટી ભ્રમ ગંઠ, કરિ હરિ વાત લાગ્યા વૈકુંઠ—૧૩૨
ત્રણ દેવ આડું ન મુંજથી તુંજ, મુખો મુખ સેવ કરાવે મુંજ;
એકજ હુવા પ્રભુ હમતમ અમ, પ્રપોટો અંબતણો પરિ બ્રહ્મ—૧૩૩
એવો વિશ્વંભર સેવક એક, ઓળખ્યો અંતર એક અનેક
થયો જે એક જૂવો કેમ થાય, મળ પોકાર પાણી પાણીની થાય—૧૩૪
રાઘવ અસાણો આત્મારામ, સમાણો તુંજ માંહી ઘન શામ
શ્રી પતિ સર્વમાં શામ શરીર, ગદાધર ગોવિંદ જ્ઞાન ગંભીર—૧૩૫
પ્રગટ તું પ્રાણી ભીતર તું પ્રાણ આયુષ દીયે તું આપેજ આણુ
કહો તો શામ કરૂં હું કામ, દ્રહયામાં બેઠો તું આત્મરામ—૧૩૬
તું સમીપે મુજ હવે સુખશાંત, સર્વ મય સાચ કથી સારી વાત
નજીક હવે લાધ્યો મોરાનાથ, હે શામ દેવ ન મૂકું તોરો સાથ—૧૩૭
સેવક પીય પે તેજ સમોહ, વિષ્ણું તુંથી રખે થાય વિછોહ
વદે એમ ઇશ્વર સર્વ વિયાપ, જેવા જન થાય અજંપા જાપ—૧૩૮
અજંપા તુજ તણા છે ઈશ, અજંપા તોરા સર્વ આધિશ
ગ્રહે ગ્રહે ભિતર બેઠો ગુંજ, પુજારા પાંચ ચઢાવે પુંજ—૧૩૯
જાણે તોરો પાર ન જાણ્યા જાણ, વિષ્ણું તોરા અલખ વખાણ
વિષ્ણું તુંહારા પરાપાર વખાણ, દીઠો તોય તુજને કોય ન જાણ—૧૪૦
દીઠો તોય તુ ન જાણું દેવ, અનંત તુંહારા કોટિ અવેવ
તુજકો લહે નહિ પાર અલખ, નવે ખંડમાંએ દેખાડયો નખ—૧૪૧

મુકુંદ કોણ લહે તુંહારો માલમ, અણું માંહિ દાખવેકોટિ આલમ
ભણી મેં તાત મારી મેં મત, ગોવિંદ ન જાણું તુંહારીગત--૧૪૨
ન જાણે તોરો કોઇ પાર નરેશ, આદેશ, આદેશ, આદેશ, આદેશ
માગ્યો તુંને તે સર્વ દીને મુજ, તુંહારી તાત ન જાણે કો ગુંજ--૧૪૩
વદે એમ ઇશ્વર વારંવાર, ઉતારો હુવે પ્રભુજી ભવપાર
આદ્ય પુરૂષ તુંહીંજ ઉચ્ચાર, કિયો મુજ જીવતણો આધાર—૧૪૪

કળશ–છપા.

નમું અવરણ નમું વણ, નમું સૂર નર નિપાવણ
નમું ભૂગોળધર ગ્રહણ, નમું થંભ વિણ થોભણ
નમું વંદે વિશ્વરણ, નમું નિસહર નિપાવણ
નમું ભૂપ નાગ નાથણ, નમું હુવિકજ હોતાશણ
ઇસરો કહે અસરણ શરણં, વયણ હંશ સાંભર વયણ
જગજીવન જાગ્ર જનમ મરણ, છોડ છોડ ગજ છોડાવણ—૧
આદ પુરૂષ આદેશ, માતવિણ તાતવિણ સંપનો
ભાત નીત ધર ધરા વિના, આપહિ આપ ઉપનો
રૂપન રંગન રેખ તોય, ધ્યાન જોગેશ્વર ધ્યાવે
અમર ક્રોડ તેંત્રીશ તુજકો, કોય પાર ન પાવે
અમર અભેનર શિવશકત, અલખ નિરંજન એક હોયે
ઘણા ઘણા ઘાટ ભાંજણ ઘણુણ, આદ્યપુરૂષ આદેશ તોયે—૨

આદેશ, આદેશ, આદેશ, આદેશ.

શ્રી હરિરસ સમાપ્ત.

શ્રી ગુરૂ મહિમા.

દોહા.

પ્રથમ નમું ગુરૂદેવને, જેણે આપ્યું જ્ઞાન
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટળ્યું દેહ અભિમાન—૧
તત્વ સાર ત્રણ લોકમાં, ગુરૂ ગોવિંદ એક રૂપ
આદ્ય અંત મધ્ય એહ છે. હરિગુરૂ સંત સ્વરૂપ—૨

છંદ મોતી દામની ચાલ.

હરિ ગુરૂ સંત સદા પદ સેવું, જેનું નિત્ય નામ નિરંતર લેવું
ગુરૂ ગોવિંદ એક રૂપ જાણ, રખે ભિન ભાવ હૃદયમાં આણ—૧
ગુરૂ ગોવિંદ થકી છે અધિક, જેની પરમારથ કારણ શીખ
ગોવિંદના સરજ્યા પડયા જીવ જાળ, ગુરૂ તેની મુક્તિ કરે તતકાળ—૨
એવા ગુરૂ પુરણ પ્રેમ દયાળ, પોતાનો જાણીને કરે પ્રતિપાળ
ગુરૂ તણું જ્ઞાન ગ્રહ્યું શુકદેવ, સંસાર સમુદ્ર તર્યા તતખેવ—૩
મળ્યા ગુરૂ નારદને સુખ રાશી, ટાળી તતક્ષણ માયા ચોરાસી
ગુરૂ વિના કોઈ ન પામે પાર, જેના યશ ગાય ઉમા ત્રિપુરાર—૪
વિરંચી વ્યાસ વદે ગુરૂ ઇષ્ટ, ન જાણે મહિમા પ્રાણી પાપીષ્ઠ
તેને ગુરૂદ્રોહી કૃતઘ્ની કહીએ, જેણે ગુરૂ જ્ઞાન ધર્યું નહિ હૈયે—૫
ગુરૂને આપ બરાબર જાણે, તેને યમ દૂત વૈતરણીમાં તાણે
ગુરૂને ગાળ કાઢે તે કપુત, તેનું મુખ શુળે ભરે યમ દૂત—૬
ગુરૂની સેવામાં ચૂક પડાવે, તેને હરિ ચક્રની ધારે ચડાવે
ગુરૂની નિંદા સૂણે નિરધાર, શિશુ ગાળી રેડે તે શ્રવણ મોજાર—૭
ગુરૂને ચરણે નમાવે ન શીશ, તેને શત્રુ રૂપે ગણે જગદીશ
ગુરૂની સેજે જેકો પગ ધારે, તેને ત્રિલોકમાં કોણ ઉગારે—૮

ગુરૂ મરજાદા ન રાખે કોય, તેતો નર રણમાં રાક્ષસ હોય
ગુરૂ વિના ચાટક જેવો સાપ, જેનું મુખ દીઠે ચઢે બહુ પાપ--૯
ગુરૂ વિના નગુરો ફરે જન જેહ, મુવા પછી ઢોર અવતરે તેહ
એવા ગુરૂ ગીતામાં કહે શિવરાય, જેને વેદ શાસ્ત્ર નિરંતર ગાય--૧૦
ગુરૂ બ્રહ્મ કેવળ જ્ઞાન સ્વરૂપ, જેને હ્રદયે આત્મ તત્વ અનુપ
છે તત્વ મશીમા અખંડા નંદ, ત્રિગુણાતિત ટાળે ભવ ફંદ--૧૧
એવા ગુરૂ પ્રેમે કરી પૂજે, તેને ઘટ માંહિ ત્રિભુવન સૂજે
ગુરૂનું ચરણોદક પ્રેમે જેણે પીધું, તેણે ત્રૈલોક્યનું તિરથ કીધું--૧૨
પામે પ્રસાદ ગુરૂનો પ્રિતે, જાણે તેણે યજ્ઞ કર્યાં લક્ષ નિત્યે
ગુરૂને પ્રેમે સંતોષ પમાડયા, જાણે તેણે ચૌદે લોક જમાડયા--૧૩
ગુરૂને પ્રણામ કરી લાગે પાય, તેને સૌ સાધન સેજે થાય
એવા ગુરૂ જાણીને આવ્યો શરણ, નિવારો નાથ જનમ મરણ—૧૪
ધરી દેહ પામ્યો મહા દુઃખ હવે હરિ આપો અવિચળ સુખ
પીડાયો પાર વિના મહારાજ, હવે હરિ બાંય ગ્રહ્યાની લાજ—૧૫
જોશો અપરાધ અમારા ઈશ, ત્યારે કોઇ કાળે હું કેમ તરીશ
જ્યારે નીજમાત બાળકને મારે, ત્યારે તેને બીજું તે કોણ ઉગારે—૧૬
અભય પદ બિરદ તમારૂં હોય, આવે શરણે તેને હણે નહિ હોય
તમો ગુણ ગાય જો કર્મ ન નાસે, ત્યારે કોણ ચરણ તમારા ઉપાસે—૧૭
રવિને ઉગે રહે અંધકાર, ત્યારે તેને સીદ ઇચ્છે સંસાર
અમૃતને પીધે જો રોગ નજાય, ત્યારે શો અમૃતનો મહિમાય--૧૮
સૂરતરૂ સેવે નભાગે ભુખ, ત્યારે તેને કોણ કહે સુરવૃક્ષ
ગંગાજી નાહે નજાય પાપ, ત્યારે શો ગંગાનો પરિતાપ-- ૧૯
પારસને પરસે નહોય હેમ, ત્યારે તેને પારસ કહીએ કેમ
સિંહને શરણે જાંબુક જાય, ત્યારે સિંહ શરણે ગયે શું થાય--૨૦
રામ નામ લીધે દમે અજ્ઞાન, ત્યારે કોણ કહેશે ભલા ભગવાન
કામ ક્રોધ લોભ લૂટે જ્યારે ચોર, ત્યારે શું નાથ તમારૂં જોર--૨૧

ધણીમાં જ્યારે મળે નહિ ઢંગ, તેની ત્રીયા ફરે ઉઘાડે અંગ
પતિવૃતા નાગી પતિનેલાજ, જૂવો મનમાંહી તમે મહારાજ--૨૨
પીડા પામે દાસ પ્રભુને ખોટ, અમો પર કાળ ચલાવે ચોટ
પ્રભુનું ભજન કરેતે પીડાય, તેનો તમને બટો છેજદુરાય—૨૩
આપો નિજ ભક્તિ સંગ ઉમરાવ, હ્રદય ખેડી ઉજડ ફેર બસાવ
બેસારોને બે રખ નામ તમારૂં, તેણે કરી કારજ થાય અમારૂં--૨૪
ત્યારે ફરી નગર લુટે ન કોય, જ્યારે રખવાળું હરિનું હોય
આવી પ્રભુ કરો હ્રદયામાં વાસ, ત્યારે સૌ થાય અવિદ્યાનાશ--૨૫
વરતાવોને એક તમારી આણ, ઉઘાડોને રામ રતનની ખાણ
દીનપણું દુર કરો યદુનાથ, હવે હરિ હેત કરી ઝાલો હાથ--૨૬
બોલાવીને પાસ બેસારો બાપ, પમાડો સીદ હવે પરિતાપ
ભમાવો સીદ હવે ભગવાન, દયા કરી દીજે અભય પદ દાન--૨૭
નાઠે નહિ છૂટે ત્રિભોવન નાથ, નમુકું શામ તમારો સાથ
વેરી મેઘ બિંદુ બરાબર હોય, તમારો સંગ ન મુકું તોય—૨૮
માયાને વારો તમો રામ રાય નથી મુને જપવા દેતીજરાય
કરે છે સાંધા વાંધા બહુ જોર, એવું એનું કારમું કામ કઠોર—૨૯
હરિ ગુરૂ સંતમાં અંતર પાડે, જીવને લાલચ લોભ દેખાડે
એને કોઇ જીતે મહા શૂરવિર, ડગે નહિ ધર્મ ધુરંધર ધિર—૩૦
સાગર સાત તે અંજલીનિર, ગોપદ ભૂમી ગગન શરીર.
શુન્યમાંમાં પુરાણ દેખે સોય, મત્યુ તેને અમૃતનું ફળ હોય--૩૧
જાણો કાંઇ માગસે મારી પાસ, એવું રખે રાખતા શ્રી અવિનાશ
રિધ્ધિ સિધ્ધ મારે નજોઇએ મુક્તિ, નમાંગૂ જોગ સીધીની યુક્તિ—૩૨
નમાંગૂં એક છત્ર સમરાજ, ઇંદ તણા આસનનું શું કાજ,
ઇચ્છું નહિ અજપદને કૈલાસ, નમાંગૂ ગોલોક વૈકુંઠ વાસ—૩૩
પદરજ એક ચડાવું હું શિશ, તમારી મહેર માયાને આધિશ
ઇચ્છું નહિ અન્ય પદાર્થ કાંઈ, રાખો નિજ ચરણ કમળની છાંઇ--૩૪

પ્રેમ ભક્તિ માંગૂ સત સંગ સાર, માંગૂ યશ ગાવા લીલા અવતાર
હરિ પદરજ ચઢે મુજ શિશ, એ માંગુ પ્રભુ દયો આશિષ-
નડે નહિ મને કોઈ સંસાર, રહુ નિજ જ્ઞાન તણે આધાર;
પ્રિતમ પતિત ઉધારણુ નામ, તાર્યાં કંઇ કોટિ પામ્યા નિજધામ-

સત્ય નામ પ્રભુ તમ તણું, સત્ય સત પુરૂષ વિચાર;
કહે પ્રીતમ સુદ્ધ ભાવશું; દીજે નિત્ય દેદાર.
ગાય સીખેને સાંભળે, ધરે નિરંતર ધ્યાન
કહે પ્રીતમ નરનારમાં, નહિ કોઈ તેજ સમાન.

સમાપ્ત.

☞ ભૂલ ચુક ઓછ-પુર્ણતા વ્હાલા હરિજન સુધારીને વાંચ સ્વકાર્ય સીદ્ધ કરવા લેખકને શીશુ જાણી માફી બક્ષવા મેહેરબાન. થશે એવી આશામાં—

લી. સે.

હરિજનનો દાસ હિંડાચા.